# કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી

## ડાંગ-આહવા

ક્રમાંક: ફજદ/કોવિડ-૧૯/જાહેરનામુ/૨૦૮ થી ૨૫૦/૨૦૨૨ તા.૨૮/૦૧/૨૦૨૨

**ગુજરાત એપિડેમિક ડિસિઝ કોવિડ-૧૯ રેગ્યુલેશન્સ - ૨૦૨૦, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ ૧૪૪, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ અને ૩૭ તથા નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૫ની કલમ-૩૪ અન્વયે જાહેરનામું**

વંચાણમાં લીધું :

(૧) કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૭.૧.૨૦૨૨ના હુકમ ક્રમાંક:40-3/2020-DM-I(A).

(૨) કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના તા.૨૧.૧૨.૨૦૨૧ ના અ.સ.પત્ર ક્રમાંક : Z. 28015 318/21-EMR.

(૩) ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૨૮.૦૧.૨૦૨૨નો હુકમ ક્રમાંક : વિ-૧/કઅવ/ ૧૦૨૦૨૦/ ૪૮૨.

(૪) ધ ગુજરાત એપિડેમિક ડિસિઝ કોવિડ-૧૯ રેગ્યુલેશન્સ, ૨૦૨૦ની જોગવાઈ.

(૫) ધ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ,૨૦૦૫ની જોગવાઈ.

// જાહેરનામું //

નોવેલ કોરોના વાઇરસ COVID-19ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. સમગ્ર ભારત દેશમાં નોવેલ કોરોના વાઇરસ COVID-19ની અસરોને નિયંત્રિત કરવાના હેતુથી The Disaster Management Act,2005 થી મળેલ સત્તા અન્વયે ભારત સરકારશ્રીના કેન્દ્રિય ગૃહ મંત્રાલયના તા.૨૭.૧.૨૦૨૨ના વંચાણ-(૧)ના હુકમ અનુસાર કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના તા.૨૧.૧૨.૨૦૨૧ના વંચાણ-(૨)ના અ.સ.પત્રથી રાજ્યોને કોરોનાનો વ્યાપ અટકાવવા માટે આપવામાં આવેલ સુચનાઓનો અમલ કરવા ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૨૮.૦૧.૨૦૨૨ના વંચાણ-(૩)ના હુકમથી રાજ્યમાં વર્તમાન પરિસ્થિતિની પુન: સમીક્ષા કરી સમગ્ર રાજ્યમાં મુકવામાં આવેલ નિયંત્રણોની અવધિ તા.૨૯.૦૧.૨૦૨૨ના સવારના ૦૬:૦૦ કલાકથી તા.૦૪.૦૨.૨૦૨૨ સવારના ૦૬:૦૦ કલાક સુધી લંબાવવામાં આવેલ છે.

૨. સબબ: હું, ભાવિન પંડ્યા, જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ, ગુજરાત એપિડેમિક ડિસિઝ કોવિડ-૧૯ રેગ્યુલેશન્સ – ૨૦૨૦ની જોગવાઈ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ ૧૪૪, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ અને ૩૭ તથા નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ – ૨૦૦૫ ની કલમ-૩૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું

છું કે, સમગ્ર ડાંગ જિલ્લામાં નીચે મુજબના નિયંત્રણો તા.૨૯.૦૧.૨૦૨૨ના સવારના ૦૬:૦૦ કલાકથી તા.૦૪.૦૨.૨૦૨૨ સવારના ૦૬:૦૦ કલાક સુધી અમલમાં મુકવામાં આવે છે.

| ક્રમ | વિગતો | નિયંત્રણો |
|---|---|---|
| ૧. | સમગ્ર ડાંગ જિલ્લામાં તમામ પ્રકારના રાજકીય, સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક કાર્યક્રમો જેવા જાહેર સમારંભો તેમજ ધાર્મિક સ્થળો | ખુલ્લામાં મહત્તમ ૧૫૦ વ્યકિતઓ પરંતુ, બંધ સ્થળોએ, જગ્યાની ક્ષમતાના ૫૦% (મહત્તમ ૧૫૦ વ્યક્તિઓની મર્યાદામાં) વ્યકિતઓ એકત્રિત થઇ શકશે. |
| ૨. | લગ્ન પ્રસંગ | ખુલ્લામાં મહત્તમ ૧૫૦ વ્યકિતઓ પરંતુ, બંધ સ્થળોએ, જગ્યાની ક્ષમતાના ૫૦% (મહત્તમ ૧૫૦ વ્યક્તિઓની મર્યાદામાં) વ્યકિતઓ એકત્રિત થઇ શકશે.<br>લગ્ન પ્રસંગ માટે DIGITAL GUJARAT PORTAL પર નોંધણી કરાવવાની રહેશે. |
| ૩. | અંતિમક્રિયા/દફનવિધી | મહત્તમ ૧૦૦ (એકસો) વ્યક્તિઓની મંજુરી |
| ૪ | પબ્લિક તથા પ્રાઇવેટ બસ ટ્રાન્સપોર્ટ | નોન. એ.સી. બસ સેવાઓ ૭૫ % ક્ષમતા સાથે (Standing not allowed)<br>જ્યારે એ.સી. બસ સેવાઓ મહત્તમ ૭૫% પેસેન્જર કેપેસીટીમાં ચાલુ રહેશે. |
| ૫. | સિનેમા હોલ | બેઠક ક્ષમતાના ૫૦%થી ચાલુ રાખી શકાશે. |
| ૬. | જીમ | સમાવેશ ક્ષમતાના ૫૦% થી ચાલુ રાખી શકાશે. |
| ૭. | વોટર પાર્ક તથા સ્વિમીંગ પુલ | ક્ષમતાના મહત્તમ ૫૦% સાથે ચાલુ રાખી શકાશે. |
| ૮. | વાંચનાલયો | બેઠક ક્ષમતાના ૫૦%થી ચાલુ રાખી શકાશે. |
| ૯. | ઓડિટોરિયમ, એસેમ્બલી હોલ, મનોરંજક સ્થળો | બેઠક ક્ષમતાના ૫૦%થી ચાલુ રાખી શકાશે. |
| ૧૦. | જાહેર બાગ-બગીચાઓ | રાત્રિના ૧૦:૦૦ કલાક સુધી |
| ૧૧. | ધો.૯ થી પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્ષ સુધીના કોચીંગ સેન્ટરો/ટ્યુશન કલાસીસ તેમજ તમામ પ્રકારની સ્પર્ધાત્મક/ભરતી અંગેની પરીક્ષાઓ માટેના કોચિંગ સેન્ટરો | સ્થળની ક્ષમતાના મહત્તમ ૫૦% વિદ્યાર્થીઓ સાથે |
| ૧૨. | શૈક્ષણિક સંસ્થાઓ | ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવતી સૂચનાઓને આધિન ચાલુ રાખી શકાશે. |

જિલ્લા મેજીસ્ટ્રેટ ડાંગ આહવા

૨/૪

ફોન : (૦૨૬૩૧) ૨૨૦૨૦૧ ફેક્સ : (૦૨૬૩૧) ૨૨૦૨૯૪ Email : collector-dan@gujarat.gov.in

| | | |
|---|---|---|
| ૧૩. | શાળા, કોલેજ, અન્ય સંસ્થાઓની પ્રવેશ પરીક્ષાઓ તેમજ સ્પર્ધાત્મક/ભરતી અંગેની પરીક્ષાઓ | કોરોના ગાઇડલાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.P. સાથે યોજી શકાશે. |
| ૧૪. | સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ / સ્પોર્ટ્સ સ્ટેડીયમ / સંકુલમાં રમતગમત | પ્રેક્ષકોની ઉપસ્થિતિ વગર ચાલુ રાખી શકાશે. |

ઉપરોકત તમામ આર્થિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા માલિકો, સંચાલકો, કર્મચારીઓ તેમજ કામગીરી સાથે સંકળાયેલ તમામ વ્યકિતઓ માટે વેક્સિનના બે ડોઝ ફરજિયાત રહેશે.

૩. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૭.૧૨.૨૦૨૧ના હુકમથી જાહેર કરવામાં આવેલ નીચે મુજબના National Directives for Covid-19નું સમગ્ર ડાંગ જિલ્લામાં તમામે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

1) Face Covering – Compulsory in public place, work place, during transport.
2) Social Distancing – Individual must maintain a minimum 6 feet distance in public places. Shops will ensure physical distancing among customers.
3) Splitting in public place will be punishable with fine as per existing laws, rules or regulations.

આ હુકમના ભંગ બદલ 'THE EPIDEMIC DISEASES ACT 1897' અન્વયે 'THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020' ની જોગવાઇઓ, 'THE INDIAN PENAL CODE'ની કલમ 188 તથા 'THE DISASTER MANAGEMENT ACT'ની જોગવાઇઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

// જાહેર વિજ્ઞપ્તિ //

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોઈ, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, ઈલેક્ટ્રોનિક મિડીયા, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ કરાવી તથા પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સપેક્ટર, પોલીસ ઈન્સપેક્ટર, મદદનીશ પોલીસ અધિક્ષકશ્રી, નાયબ પોલીસ અધિક્ષકશ્રી તથા પોલીસ અધિક્ષકશ્રીની કચેરીના નોટીસ બોર્ડ ઉપર સહેલાઈથી જોઈ શકાય તેવી રીતે જાહેરાતની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ આ જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા.૧૯.૦૧.૨૦૨૨ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરવામાં આવ્યો.

(ભાવિન પંડ્યા)
જિલ્લા મેજિસ્ટ્રેટ
ડાંગ જિલ્લો, આહવા

પ્રતિ,
વ્યવસ્થાપકશ્રી, સરકારી છાપકામ અને લેખન સામગ્રી ખાતુ, વડોદરા.
૨/- જાણ તથા રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી નકલો અત્રે મોકલી આપવા વિનંતી છે.



ફોન : (૦૨૬૩૧) ૨૨૦૨૦૧ ફેક્સ : (૦૨૬૩૧) ૨૨૦૨૯૪ Email : collector-dan@gujarat.gov.in

સવિનય નકલ રવાના:- જાણ સારૂ

(૧) માન. અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન. અધિક મુખ્ય સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૩) માન. અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) માન. પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગાંધીનગર

નકલ રવાના : જાણ તથા જરૂરી અમલવારી અર્થે કાર્યવાહી થવા સારૂ.

(૧) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ડાંગ તરફ... જાણ સારૂ.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ તરફ... જરૂરી કાર્યવાહી થવા સારૂ.

(૩) પ્રાંત અધિકારી અને સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, આહવા, જી.ડાંગ.

(૪) ચીફ ઓફીસરશ્રી, નોટીફાઇડ એરીયા કચેરી, સાપુતારા, જી.ડાંગ.

(૫) મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, આહવા/વઘઇ/સુબીર, જી.ડાંગ.

(૬) આયોજન સહ તાલુકા વિકાસ અધિકારીશ્રી, આહવા, જી.ડાંગ.

(૭) તાલુકા વિકાસ અધિકારીશ્રી, વઘઇ/સુબીર, જી.ડાંગ.

(૮) રજીસ્ટ્રારશ્રી, ૪થા એડિશનલ ડિસ્ટ્રિકટ એન્ડ સેસન્સ જજશ્રીની કોર્ટ, ડાંગ-આહવા.

(૯) રજીસ્ટ્રારશ્રી, જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ કોર્ટ, આહવા/વઘઇ/સુબીર જી.ડાંગ.

(૧૦) પોલીસ સબ ઈન્સપેકટરશ્રી, પોલીસ સ્ટેશન, આહવા/વઘઇ/સુબીર/સાપુતારા, જી.ડાંગ.

૨/- જાહેરનામાની અમલવારી કરવા તથા કચેરીના નોટીસ બોર્ડ તથા જાહેર સ્થળોએ બહોળી પ્રસિધ્ધિ કરી રીપોર્ટ કરવા સારૂ.

(૧૧) સહાયક માહિતી નિયામકશ્રી, ડાંગ-આહવા.

૨/- આ બાબતને બહોળી પ્રસિધ્ધ મળે તે મુજબની કાર્યવાહી કરવા સારૂ.

(૧૨) અધિક જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, ડાંગ તરફ જરૂરી કાર્યવાહી સારૂ.

(૧૩) સિવિલ સર્જનશ્રી, જનરલ હોસ્પિટલ,આહવા જી.ડાંગ

(૧૪) એન.આઈ.સી.ઓફિસરશ્રી, ડાંગ-આહવા.

૨/- http://dangs.nic.in પર અપલોડ કરવા સારૂ.

(૧૫) મેનેજરશ્રી, સાયબરસર્ફ ઈન્ડિયા (પ્રાઈવેટ લિમિટેડ), આંબાવાડી, અમદાવાદ

૨/- http://dangs.gujarat.gov.in પર અપલોડ કરવા સારૂ.

(૧૬) શાખાધ્યક્ષશ્રી, રેકર્ડ શાખા, કલેક્ટર કચેરી,આહવા.

૨/- અત્રેની કચેરીના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.



ફોન : (૦૨૬૩૧) ૨૨૦૨૦૧ ફેક્સ : (૦૨૬૩૧) ૨૨૦૨૯૪ Email : collector-dan@gujarat.gov.in